### સાત વર્ષથી રહીશો ગટર, ગંદા પાણી અને અસહ્ય દુર્ગંધ વચ્ચે જીવન જીવવા મજબૂર બન્યા

# ડ્રેનેજ સમસ્યાથી નાગરીકો ત્રસ્ત

**નવસારીના** વોર્ડ નંબર-4ની સમસ્યાની રજૂઆતો છતાં કાયમી ઉકેલ નહીં

**યશફીન** હોસ્પિટલ પાસે ગંદા પાણીનો ભરાવો, રોગચાળાની ભીતિ છતાં કાર્યવાહીનો અભાવ

નવસારી : નવસારી શહેરના વોર્ડ નંબર-4માં કમેલા રોડ પર આવેલી રશીદ મૂલ્લાની વાડી વિસ્તારમાં ડ્રેનેજ સમસ્યાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. છેલ્લા સાત વર્ષથી વિસ્તારના રહીશો ઉભરાતી ગટર, રસ્તાઓ પર ભરાતા ગંદા પાણી અને અસહ્ય દુર્ગંધ વચ્ચે જીવન જીવવા મજબૂર બન્યા છે. સ્વચ્છતા અને વિકાસના દાવાઓ વચ્ચે અહીંની પરિસ્થિતિ તંત્રની કામગીરી પર ગંભીર સવાલ ઉભા કરે છે.

યશફીન હોસ્પિટલ અને રોયલ એપાર્ટમેન્ટ નજીક આવેલી મુખ્ય ડ્રેનેજ લાઈન વારંવાર ચોકઅપ થવાને કારણે ગંદુ પાણી રહેણાંક વિસ્તારો અને રસ્તાઓ પર ફરી વળે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, નવસારી-વિજલપોર નગરપાલિકામાં અનેક વખત મૌખિક તેમજ લેખિત રજૂઆતો કરવામાં આવી છે. તંત્ર દ્વારા સમયાંતરે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવે છે, પરંતુ થોડા જ દિવસોમાં પરિસ્થિતિ ફરી પહેલાની જેમ બની જાય છે. જેના કારણે રહીશોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

ગંદા પાણીના સતત ભરાવા અને આસપાસની ગંદકીના કારણે વિસ્તારમાં મચ્છરોનું પ્રમાણ વધી રહ્યું છે. મેલેરિયા, ડેન્ગ્યુ અને કોલેરા જેવા રોગો ફાટી નીકળવાની ભીતિ વચ્ચે લોકો પોતાના પરિવારના આરોગ્ય અંગે ગંભીર ચિંતામાં છે. ખાસ કરીને બાળકો અને વૃદ્ધો માટે પરિસ્થિતિ વધુ જોખમી બની રહી છે.

### યોગ્ય ક્ષમતાની નવી ડ્રેનેજ લાઈનની જરૂર

સ્થાનિક આગેવાન મોહસીનભાઈ સહિત વિસ્તારના રહીશોની માંગ છે કે હાલની ડ્રેનેજ લાઈનને તાત્કાલિક ડાયવર્ટ કરીને યોગ્ય ક્ષમતાની નવી વ્યવસ્થા ઉભી કરવામાં આવે. રહીશોનું સ્પષ્ટ કહેવું છે કે હવે આશ્વાસનોથી નહીં, પરંતુ તાત્કાલિક અને કાયમી કાર્યવાહીથી જ સમસ્યાનો ઉકેલ આવી શકે. કારણકે પ્રશ્ન માત્ર ગટરનો નથી, પરંતુ નાગરિકોના આરોગ્ય, સુરક્ષા અને માનવીય જીવનનો છે.

## વલસાડના વાંકલમાં 31 ફૂટ ઊંચા રુદ્રાક્ષ શિવલિંગના દર્શને ભક્તો ઉમટ્યા, મહાશિવરાત્રિએ યજ્ઞ-પૂજાનું આયોજન

■ વલસાડ : વલસાડના દુલસાડ ગામે 31 લાખ રુદ્રાક્ષથી નિર્મિત 31 ફૂટ ઊંચા રુદ્રાક્ષ શિવલિંગના દર્શન અને અભિષેક સાથે પૂજ્ય બટુકભાઈ વ્યાસના શ્રીમુખે શિવકથાનું શ્રવણ કરવા હજારો ભક્તો ઉમટી રહ્યા છે. મહોત્સવ અંતર્ગત 108 કુંવારીકાઓનું પૂજન સંપન્ન થયું હતું. બ્લડ ડોનેશન કેમ્પમાં 25થી વધુ બોટલ રક્ત એકત્ર કરવામાં આવ્યું હતું. શ્રીમદ રાજચંદ્ર હોસ્પિટલનાં સહયોગથી 200 થી વધુ લાભાર્થીઓને ચશ્મા વિતરણ કરાયા હતાં. શિવકથા રવિવાર 15 મી ફેબ્રુઆરીએ વિરામ લેશે. એ જ રાત્રિએ મહાશિવરાત્રિ પૂજા અનુષ્ઠાન ચાલશે. મહાશિવરાત્રિ નિમિતે રુદ્રાક્ષ શિવલિંગનું વિશેષ મહત્વ છે અને દુલસાડમાં નિર્મિત 31 ફૂટ ઊંચા અને 31 લાખ રૂદ્રાક્ષથી આ વર્ષે બનેલા વિશ્વના સૌથી ઊંચા રુદ્રાક્ષ શિવલિંગના દર્શનનો લાભ લેવાનો પણ અંતિમ દિવસ છે.

### જિલ્લા સંગઠનમાં જલાલપોરમાંથી એક મહત્વપૂર્ણ પદ આપવાની રજૂઆત કરવામાં આવી હતી

# ભાજપમાં રાજીનામાની લહેર

**તાલુકા** પ્રમુખ સહિત અનેક પદાધિકારીઓએ વ્યક્ત કર્યો વિરોધ

**આગામી** સમયમાં સંગઠન યોગ્ય નિર્ણય નહીં લે તો વધુ કાર્યકર્તાઓ રાજીનામું આપી શકે તેવી શક્યતા

નવસારી : નવસારી જિલ્લા ભાજપ સંગઠનની નવી રચના બાદ જલાલપોર તાલુકામાં અસંતોષનો માહોલ ઊભો થયો છે. તાલુકા ભાજપ પ્રમુખ હિતેશ પટેલ સહિત કુલ 22 પદાધિકારીઓએ નવસારી ખાતે પોતાના હોદ્દા પરથી રાજીનામા સોંપ્યા હોવાનું જાણવા મળ્યું છે. જિલ્લા સ્તરે જલાલપોર મતવિસ્તારને અપેક્ષિત પ્રતિનિધિત્વ ન મળ્યાની લાગણી વચ્ચે આ પગલું લેવામાં આવ્યું હોવાનું સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે.

રાજીનામું આપનાર તાલુકા ભાજપ પ્રમુખ હિતેશ પટેલ, તાલુકા કોષાધ્યક્ષ રણજીતસિંહ વાસિયા તેમજ જલાલપોર તાલુકા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના મહામંત્રી રાજેશ રાઠોડનો સમાવેશ થાય છે. આ ઉપરાંત તાલુકા સંગઠનના પદાધિકારીઓએ હોદ્દા પરથી મુક્તિ માગી છે. જિલ્લા સંગઠનની નવી રચનામાં મહામંત્રી જેવા મહત્વના પદ પર જલાલપોરને સ્થાન ન મળતા અવગણનાની લાગણી વધ્યાનું જાણવા મળે છે. તાલુકા પ્રમુખ હિતેશ પટેલે જણાવ્યું હતું કે સંગઠનમાં જલાલપોરમાંથી ઓછામાં ઓછું એક મહત્વપૂર્ણ પદ આપવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી, પરંતુ તેના પર કોઈ નિર્ણય લેવામાં આવ્યો ન હતો. જેના કારણે પદાધિકારીઓએ વિરોધરૂપે રાજીનામાનો નિર્ણય લીધો. તેમણે સાથે જ સ્પષ્ટ કર્યું છે કે તેઓ ભાજપના કાર્યકર્તા તરીકે જોડાયેલા રહેશે અને પક્ષ પ્રત્યેની તેમની નિષ્ઠા યથાવત રહેશે. સૂત્રોના જણાવ્યા મુજબ, જો આગામી સમયમાં સંગઠન દ્વારા પરિસ્થિતિ અંગે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો વધુ સંખ્યામાં કાર્યકર્તાઓ પણ રાજીનામું આપી શકે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સામાજિક અગ્રણી વિરુદ્ધ સોશિયલ મીડિયા પર ટિપ્પણી મામલે ગુનો

**ખેરગામ** પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતાં વિવાદ વકર્યો

**અરજદારની** જિલ્લા પોલીસ અધિક્ષક સહિત ઉચ્ચ અધિકારીઓને લેખિત ફરિયાદ

ખેરગામ : ખેરગામમાં સોશિયલ મીડિયા પર સામાજિક અગ્રણી વિરુદ્ધ અભદ્ર ટિપ્પણી કરવાના મામલે પોલીસ દ્વારા કોઈ નક્કર કાર્યવાહી ન કરવામાં આવતાં વિવાદ વકર્યો છે. આ અંગે ખેરગામના દેસાઈવાડમાં રહેતા અરજદાર કાર્તિક નરેશભાઈ પટેલે જિલ્લા પોલીસ અધિક્ષક સહિત ઉચ્ચ અધિકારીઓને ઈ-મેલ દ્વારા લેખિત ફરિયાદ કરી ન્યાયની માંગ કરી છે.

ઘટનાની વિગત મુજબ, આદિવાસી સમાજના અગ્રણી ડો.નીરવ પટેલે યુવાનોમાં જાગૃતિ લાવવા માટે એક વિડીયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર મૂક્યો હતો. આ વિડીયો પર એક અજાણ્યા શખ્સે અત્યંત અશ્લીલ અને સમાજમાં દ્વેષ ફેલાવે તેવી ટિપ્પણીઓ કરી હતી. આ બાબતે ખેરગામ પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ આપવા છતાં પોલીસ દ્વારા કોઈ અસરકારક તપાસ કરવામાં આવી નહોતી. અરજદારનો આક્ષેપ છે કે જ્યારે તેમણે RTI દ્વારા તપાસની વિગતો માંગી, ત્યારે ખેરગામ પોલીસ ઈન્સ્પેક્ટરે પોલીસ સ્ટેશન બોલાવી એવું કહ્યું હતું કે, આરોપી ગાંડો છે, એટલે ફરિયાદમાં કંઈ નહીં થાય. વધુમાં, હાજર ASI એ પણ ઉદ્ધત વર્તન કરી ફરિયાદીને માનસિક રીતે હેરાન કર્યા હોવાનો આક્ષેપ છે. અરજદારે પોતાની રજૂઆતમાં જણાવ્યું છે કે, જો જવાબદાર પોલીસ અધિકારીઓ અને આરોપી વિરુદ્ધ તાત્કાલિક કાયદેસરની કાર્યવાહી કરવામાં નહીં આવે, તો આદિવાસી સમાજના અગ્રણીઓ અને યુવાનો દ્વારા ખેરગામ પોલીસ સ્ટેશન બહાર શાંતિપૂર્ણ ધરણાં પ્રદર્શન કરવામાં આવશે.

આદિવાસીના સામાજિક અગ્રણી વિરુદ્ધ અજાણ્યા શખ્સે અત્યંત અશ્લીલ અને સમાજમાં દ્વેષ ફેલાવે તેવી ટિપ્પણી કરનાર સામે કાર્તિક પટેલે જિલ્લા પોલીસ અધિક્ષક સહિત ઉચ્ચ અધિકારીઓને ઈ-મેલ દ્વારા લેખિત ફરિયાદ કરી ન્યાયની માંગ કરી હતી.

# અંતિમ સફરમાં વીર સાથે ચાલ્યું આખું ગામ

**કસમયે** વિદાય પામેલા વિદ્યાર્થીને ભાવભીની શ્રદ્ધાંજલિ, પરિવાર અને વિસ્તારમાં શોકની લાગણી

નવસારી : નવસારીના મરોલી નજીક બનેલી દુખદ ઘટનામાં કસમયે અવસાન પામેલા 14 વર્ષીય વીર પટેલને અંતિમ વિદાય આપવા ગ્રામજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. પોસારાના હેતલ રો હાઉસમાં રહેતો વીર પરિવારનો મોટો દીકરો હતો અને તેને એક નાની બહેન છે. તેના પિતા મનીષભાઈ રોજગાર વિદેશમાં રહેતા હતા.

વીર મરોલી સ્થિત ટ્રિનિટી અંગ્રેજી શાળામાં અભ્યાસ કરતો હતો. ઘટનાની જાણ થતાં શાળામાં શોકસભા યોજાઈ હતી અને પ્રાર્થના સાથે બે મિનિટનું મૌન પાળી વિદ્યાર્થીને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. અંતિમયાત્રામાં તેના મિત્રો અને શિક્ષકો પણ હાજર રહ્યા હતા.

# બાઈક સાથે ટક્કરમાં પાડાનું મોત

**આહવા**-વઘઈ માર્ગ પર ઘોઘલી બસ સ્ટોપ પાસેની ઘટના, રાત્રે રસ્તા વચ્ચે પાડો આવી ચઢતાં બાઈક્યાલકે સંતુલન ગુમાવ્યું

સાપુતારાઃ ડાંગ જિલ્લાના આહવા-વઘઈ માર્ગ પર ઘોઘલી બસ સ્ટોપ પાસે શુક્રવારે રાત્રિના 8:30 વાગ્યાના સુમારે એક અકસ્માતમાં પાડાનું મોત નીપજ્યું હતું જ્યારે જ્યારે બાઈક ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી છે.

મળતી માહિતી અનુસાર, આહવા તાલુકાના મુલચોંડ ગામના રહેવાસી રવિન્દ્રભાઈ શરદભાઈ ગાવિત (ઉંમર વર્ષ 25) પોતાની બાઈક (નંબર GJ 15 AL 3250) લઈને પસાર થઈ રહ્યા હતા. તે સમયે ઘોઘલી બસ સ્ટોપ નજીક અંધારામાં રસ્તાની વચ્ચે અચાનક એક પાડો આવી ચઢ્યો હતો. બાઈક પાડા સાથે જોરદાર અથડાતા પાડાને ગંભીર ઈજાઓ થતા તેનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે બાઈક સવાર રવિન્દ્રભાઈને પણ શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ અકસ્માત બાદ મૃત પાડો માર્ગની વચ્ચે જ પડી રહેતા આહવા-વઘઈ વચ્ચેનો વાહનવ્યવહાર ખોરવાયો હતો અને માર્ગની બંને બાજુ વાહનોની લાંબી કતારો લાગી ગઈ હતી. ઘટનાની જાણ થતાં જ આહવાના આંબાપાડા વિસ્તારના સેવાભાવી યુવક યોગેશભાઈ ચૌધરી અને તેમની ટીમ તાત્કાલિક જેસીબી (JCB) સાથે સ્થળ પર દોડી આવી હતી. ટીમે મૃત પશુને રસ્તા પરથી ખસેડી માર્ગ ખુલ્લો કરતા વાહનવ્યવહાર પૂર્વવત થયો હતો.

આ ઘટનાને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ અને ચિંતા જોવા મળી રહી છે. લોકોનું કહેવું છે કે રાત્રિના સમયે હાઈવે પર રખડતા પશુઓને કારણે અવારનવાર જીવલેણ અકસ્માતો સર્જાય છે. ગ્રામજનોએ તંત્ર પાસે માગ કરી છે કે રખડતા પશુઓના માલિકો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અથવા યોગ્ય વ્યવસ્થા કરવામાં આવે જેથી ભવિષ્યમાં આવા ગંભીર અકસ્માતો નિવારી શકાય.

# અંગત પળોનો વિડીયો વાયરલ કરનાર દુષ્કર્મનો આરોપી વલસાડથી ઝડપાયો

**પંજાબ** પોલીસે દુષ્કર્મ અને સોશિયલ મીડિયા પર વાંધાજનક વિડીયો વાયરલ કરનાર મુખ્ય આરોપીની ધરપકડ કરી

વલસાડ : વલસાડના મોગરાવાડીમાંથી પંજાબ પોલીસે સ્થાનિક પોલીસની મદદથી દુષ્કર્મ અને સોશિયલ મીડિયા પર વાંધાજનક વિડીયો વાયરલ કરનાર આરોપીની ધરપકડ કરી છે. આરોપી તેજવંતસિંહે યુવતી સાથેની અંગત પળોનો વિડીયો ઉતારી લીધો હતો. અને વિડીયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ કરીને યુવતીની બદનામી કરી હતી. આ મામલે પીડિતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પંજાબ પોલીસ આરોપી તેજવંતસિંહની શોધમાં હતી. જેમાં લોકેશન ટ્રેસ કરાયું હતુ.

આરોપી મોગરાવાડીમાં છુપાયેલો હોવાની માહિતી મળતા જ પંજાબ પોલીસની ટીમ વલસાડ દોડી આવી હતી અને સ્થાનિક સ્તરે ઓપરેશન પાર પાડી આરોપીને દબોચી લીધો હતો. પંજાબ પોલીસે આરોપીને વલસાડ કોર્ટમાં રજૂ કર્યો હતો. કોર્ટ પાસેથી ટ્રાન્ઝિટ રિમાન્ડ મેળવ્યા બાદ, પોલીસ આરોપીને વધુ તપાસ અને કાયદેસરની કાર્યવાહી માટે પંજાબ લઈ ગઈ છે. સોશિયલ મીડિયા પર કોઈની પણ સંમતિ વિના અંગત વિડીયો કે ફોટા વાયરલ કરવા એ ગંભીર ગુનો છે, જેમાં કડક સજાની જોગવાઈ છે.

## વિજલપોરમાં બેફામ કારની ટક્કરથી વૃદ્ધનું મોત

નવસારી : મળતી માહિતી મુજબ, તા. 13 ફેબ્રુઆરીના રોજ વિઠ્ઠલ મંદિર ચોકી પાસે આંબેડકરનગર જતા રોડ પર મરુન કલરની કિયા કેરેન્સ કાર (નં. GJ-21-CC-4926)ના અજાણ્યા ચાલકે પૂર ઝડપે અને બેદરકારીપૂર્વક વાહન હંકારીને વિજલપોરના નવદુર્ગાનગર, ગોકુલપુરા વિસ્તારમાં રહેતા ધર્મા રામભાઈ પિમ્પડે (ઉંમર 86)ને ટક્કર મારી હતી. ટક્કરના કારણે તેઓ રોડ પર પટકાઈ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા અને સારવાર દરમિયાન તેમનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃતકના પરિવારજનો દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે.


ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ ૬ +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

વ્યવસાયીક ધંધાકીય

**જમીન પુરાણ માટેનો**
મલબો (માટી)નો મોટો જથ્થો વ્યાજબી ભાવે મેળવવા માટે સંપર્ક કરો સંપર્ક સમય સવારે ૧૦થી ૬ મો. 9998816308

**ઘરબેઠા તાત્કાલિક**
LED રીપેરીંગ. ઈલેક્ટ્રોનિક્સ, મોબાઈલ, રીમોટ. વિનોદ રેડિયો, લાલદરવાજા. 9328436184

**કબુતર, મચ્છર જાળી**
ઘરબેઠા ફિટિંગ. રોયલ નેટ સ્પાઈક. 9737166947, 8758533196

**વુલન સ્વેટરો,**
રેઈનકોટ, ઈનર, થર્મલ, જેકેટ, શાલ, બ્લેન્કેટ હોલસેલ ભાવે, ખોલવડવાલા, ડભગરવાડ, સુરત.

**પાપડ અચાર**
સુરતમાં વાલોડના પ્રખ્યાત પાપડ અને અચાર હોલસેલ ભાવ માં છુટક મળશે. Free Home Dilevery Mo. 9099645605 Surat. Bhagal (797)

**લાઈફ હિંચકાના કડાં**
અમેરીકન ટેકનોલોજીથી તોડફોડ કર્યા વગર ગેરેન્ટેડ ફિટીંગઃ 8460222292, 8460222282

**નવકાર વોટર પ્રુફિંગ**
25માં વર્ષમાં મંગળ પ્રવેશ જૂના અને જાણીતા લીકેજ ધાબા, ટાવર એપાર્ટમેન્ટ બહારની દીવાલનું ક્રેક ફીલિંગ વગેરે કેમિકલ ટ્રીટમેન્ટ દ્વારા બંધ કરીશું ધીરુભાઈ શાહ M- 7984650600/ 9898993303 (831)

**કાર ડ્રાઈવર મળશે**
પ્રવાસમાં જવા, ઘરબેઠાં કાર શીખવા મેન્યુઅલ ઓટોમેટીક કાર ૯૮૨૫૨૬૩૪૨૯

વ્યવસાયીક યાત્રા-પ્રવાસ

**હિમાલયા હોલીડે**
(1) ચારધામ યાત્રા મેં મહિનામાં (2) કાશ્મીર (3) શિમલા મનાલી (4) દાર્જીલિંગ ગેંગટોક, પેલીગ Mo:- 9427803273/ 9825142005 (812)

**બાલાજી ટુર્સ**
(નેપાળ, વારાણસી 20-04, 11-05) (ગેંગટોક, દાર્જિલિંગ 20-04, 11-05) (ચારધામ 05-05, 15-05) 9824422116

**ચારધામ યાત્રા**
જુનું અને જાણીતું નામ કિંજલ શાહ સંગાથે માણો (ચારધામ યાત્રા- કેદારનાથ, બદ્રીનાથ, યમનોત્રી, ગંગોત્રી સાથે હરિદ્વાર અને ઋષિકેશ) (કાશ્મીર) (કેરાલા) પહાડો હોયકે બીચ માણો મજા સુરતી સ્વાદ અને રસોઈયા સાથે. બુકિંગ ચાલુ થઈ ગયું છે. JOY ENJOY TRAVEL PLANNER. કિંજલ શાહ. 9426157371.

(સાગર- 9427113317)
ધૂળેટીમાં (સ્લીપરમાં) શાહપુરા, કરણીમાં, ખાટુશ્યામ, રામદેવરા, સાંવરિયાજી, શ્રીનાથજી,

નોકરી વિષયક

**પટાવાળા જોઈએ છે**
સી. એ. ઓફિસ માટે એસએસસી પાસ- નાપાસ પટાવાળા જોઈએ છે. મળો. જશવંત પી. પટેલ એલ- ૧૦, જલદર્શન ટાવર બહુમાળીની બાજુમાં નાનપુરા સુરત (832)

**તાત્કાલિક જોઈએ છે**
10 પાસ હેલ્પર- ગાર્ડ-લોડર, સુપરવાઈઝર- પુરુષ/ મહિલા ઉમેદવારો માટે, (પગારઃ 28,000-45,000) રહેવા- જમવાની સુવિધા 7827453997

**જોઈએ છે**
ઓફિસ વર્ક માટે છોકરી (10 પાસ) અઠવાલાઈન્સ સુરત Call 9825338389

**કતારગામમાં ઓફિસ**
કામ અને ડિલિવરી માટે સ્ટાફ જોઈએ 9979527161

ભાડે આપવાની છે
M.N.C, કોર્પોરેટ ઓફિસ, ઈન્સ્યુરન્સ કંપની, જીમ, ડોક્ટર કન્સલટન્સી, સર્વિસ સેન્ટર વગેરેને લાયક ઓફિસ લોંગ લીઝ પર આપવાની છે
2100 SQFT INTERNATIONAL WEALTH CENTER VIP ROAD, VESU
9512917163

**જરૂરીયાત છે-**
સેલ્સમેન (માર્કેટિંગ) અમારી કંપનીમાં કેમિકલ સંબંધિત માર્કેટિંગ કાર્યમાટે અનુભવી સેલ્સમેનની જરૂર છે. ઉમેદવાર પાસે ઓછામાં ઓછો 2- 3 વર્ષનો સેલ્સ અને માર્કેટિંગ ક્ષેત્રનો અનુભવ હોવો આવશ્યક છે. સારો કોમ્યુનિકેશને સ્કિલ, ક્લાઈન્ટ હેન્ડલિંગ ક્ષમતા અને માર્કેટની સમજ જરૂરી છે. રસ ધરાવતા ઉમેદવારો તાત્કાલિક સંપર્ક કરે. 9727870269, 9909283482

**લોનની કંપની માટે**
ટેલીકોલર છોકરી જોઈએ છે પાર્ટટાઈમ/ ફુલ ટાઈમ Location: નાનપુરા સુરત મોઃ- 9586817707

FOR Sell
70,000/-ના માસિક ભાડામાં
કોર્પોરેટ કંપનીને ૯ થી ૧૨ વર્ષની લોંગ લીઝ પર આપેલ ઓફિસ
પાર્લે પોઈન્ટ મેઈન રોડ પર
Dhaval Cyclewala 98980 24032

મિલ્કત વેચવાની છે

**વેચવાનો છે**
1 BHK ફ્લેટ વેચવાનો છે નાનપુરાના શાંત વિસ્તારમાં ગોપીનાથ ફરસાણની ગલીમાં Mo.No. 9427519026 (827)

**બંગલો વેચવાનો છે**
230 ચો. વાર ગ્રાઉન્ડ + 2 ફ્લોર (5 BHK) 6 સર્વોદય પાર્ક સોસાયટી વિવેકાનંદ ગાર્ડનની બાજુમાં ભટારરોડ સુરત સંપર્કઃ 9825473666 (829)

**2 બેડરૂમ, હોલ**
કિચનનો ફ્લેટ ભાઠા ગ્રીનસિટીમાં વેચવાનો છે. 9016675711 (830)

**ભટાર રોડ**
2 BHK ફ્લેટ ફર્નિચર સાથે વેચવાનો છે. 9825088402, 9825919637

હોસ્પિટલને ભાડે આપેલી પ્રોપર્ટી વેચવાની છે- વેસુ, સુરત
VIP રોડ, વેસુ, યુનિટઃ 818 Sq.Ft. કર્પેટ (મેડિકલ ફ્લોર), શરૂઆતનું ભાડુંઃ રૂ. 57,260/- મહિને દર વર્ષે 5% ભાડામાં વધારો. 15 વર્ષની લીઝ/ 5 વર્ષ લોક-ઈન
Call Now: 9724230670

**કોર્મશીયલ રેસીડેન્ટ**
માટે વેચાણ હરિપુરા ભવાની મંદીર પાસે રોડ ટચ ૧૮'X૬૦' ની નિકાલવાળુ ચાર માળે ફ્લેટ ત્યા ભોયતળીય દુકાન ગોડાઉન માટે ૫૦ વર્ષ ચાલે એવું R.C.C. નું મકાન (દલાલ માફ) ભવાની એસ્ટેટ ૯૯૯૮૯૩૪૧૫૪ (834)

**પીપલોદ, વેલેન્ટાઈન**
નજીક, 5- બેડરૂમ, પાર્કિંગ વાળું રોહાઉસ વેચવાનું 9824510255

**ફ્લેટ વેચવાનો છે**
3 BHK ફુલ્લી ફર્નિચર સાથે, નીલકંઠ એવન્યુ, B- 203, પાલ લેક તળાવ પાસે, મો- 9016157488

**ફ્લેટ વેચવાનો છે**
2 BHK 1280 સ્કવેર ફીટ, હવા ઉજાસ અને સેમી ફર્નીશ્ડ વાળો વૈષ્ણોદેવી ચાર રસ્તા દેવશ્રી બેનીટો મેઈન રોડ 9714497771

મિલ્કત જોઈએ છે

**જોઈએ છે**
2 BHK Flat ઘોડદોડ રોડ, ભટાર, પાલ વિસ્તારમાં M.NO. 9427519026 (828)

મિલ્કત ભાડે-વેચાણ

**વેચાણ - ભાડે**
નાનપુરા ટચ રોડ, ગુજરાતી કન્યાશાખા પાસે બીજે માળે ૧૨'X૪૫' નો ફ્લેટ રેસી/ કોમર્શીયલ બિલ્ડીંગમાં- (દલાલ માફ) ભવાની એસ્ટેટ ૯૯૯૮૯૩૪૧૫૪ (835)

**વેચવાની છે / ભાડે**
આપવાની છે સુરતના અડાજણમાં પ્રાઈમ લોકેશન, એલ.પી.સવાણી રોડ પર, સ્ટારબજારની પાછળ, ક્રોમાની ઉપર ''પ્રોટોન પ્લસ'' બિલ્ડીંગમાં ઓફિસ વેચવાની છે/ ભાડે આપવાની છે. (૧૦૦૦ સ્કેફુટ- સુપર બિલ્ટઅપ) સંપર્કઃ કવન દેસાઈ મો. ૭૮૭૪૯૬૦૬૧૩

વ્યવસાયીક ક્લાસીસ

**સંગીત શીખો**
કેશીયો તબલા હાર્મોનિયમ અમારા ક્લાસમાં તેમજ આપના ઘરે આવી શીખવીશું મળોઃ- 9825944456 (818)

મિલ્કત ભાડેથી

**ન્યુ ડીમાર્ટ**
જહાંગીરાબાદ પાસે 3 BHK ફ્લેટ ભાડે આપવાનો છે. M: 9898685968 (826)

**ભાડેથી- દુકાન**
રાંદેર મેઈન રોડ ટચ S.M.C ઝોન ઓફિસ સામે 30X૧૦ ની દુકાન મેડીકલ- સેલુન માટે ભાડેથી આપવાની છે (દલાલ માફ)- ભવાની એસ્ટેટ ૯૯૯૮૯૩૪૧૫૪ (833)

લગ્ન વિષયક

**સુરત રહેતી**
29 વર્ષની SC કાસ્ટ ડોક્ટર યુવતી માટે એજ્યુકેટેડ યુવક આવકાર્ય 9512318416

**કર્ણાવતી મેરેજ બ્યૂરો**
પસંદગીના પાત્રો ઘરબેઠા મેળવો. યુવતીઓ માટે વિનામૂલ્યે સમકક્ષ પાત્રો. સર્વજ્ઞાતિના લોકલ, NRI પાત્રો આવકાર્ય. કાન્તિભાઈ વિકાણી ( નિવૃત્ત બેંક મેનેજર) M- 9409057024

મિલ્કત ટો-વેચ

**હોજીવાલા ઈન્ડસ્ટ્રીમાં**
756/ 1484/ 3612/ 7308 વિગેરેના પ્લોટ ખરીદ/ વેચાણ તથા ભાડે આપવા/ લેવા માટે સંપર્ક કરો. 8866478300, 9825141500 (118)

ઘર બેઠા ટચુકડી જાહેરાત આપવા માટે સંપર્ક કરો
M. 9879663828
ગુજરાતમિત્ર

અગત્યની સુચના : ટચુકડી જાહેરખબરમાં પ્રસિધ્ધ થયેલી માહિતી અંગે વાચકે પુરતી ચકાસણી કરી લેવા વિનંતી. જાહેર ખબરની વિગતોની સત્યતા અંગેની અખબારની જવાબદારી રહેશે નહીં.